
# ૭ સમય વહી જાય છે...

## ઊલટો-સૂલટો સમય - ઊલટા-સૂલટા સમયની વાર્તા



જ્યારે સૂર્ય આથમે ________ છે ત્યારે સુમન જાગે છે. કેવી સુંદર સાંજ ________! તે ઝડપથી ૨ કલાકમાં ________ પોતાનું મોં ધોવે છે અને ઝડપથી બહાર દોડી જાય છે. તે સીધી જ પક્ષીઓના માળા તરફ જાય છે. તે છેલ્લા થોડાક મહિનાઓથી ________ ઈંડાંનું નિરીક્ષણ કરી રહી છે. તે તેમાંથી (ઈંડામાંથી) બચ્ચું બહાર આવે તેની રાહ જોતી હતી. પરંતુ એક અઠવાડિયામાં ________ પોતાની આંખોનો પલકારો મારે તે પહેલાં એક બિલાડી ઝાડ ઉપર કૂદકો મારે છે. પક્ષીની માતા મોટેથી રડે છે અને સુમન બિલાડીને ભગાડવા માટે દોડી જાય છે. જ્યારે બિલાડી (ઝાડ પરથી) કૂદકો મારે છે ત્યારે તે મોટી લીલી કેરી સાથે અથડાય છે. **ધમ!...**

**ધમ!...**

બે દિવસમાં __________ તે નીચે પડે છે. ઓહ, કેવું દુઃખદાયક! કેરી હજુ પૂર્ણ રીતે પાકી ન હતી. મીઠી થવા માટે તેને એક વર્ષની __________ જરૂર હતી. ઓચિંતા સુમનની બહેને બૂમ પાડી કે હજુ તું ભૂખી થઈ નથી! તારા પેટનું ઘડિયાળ ઊંઘવા ગયું છે? આવ અને રાત્રિના ભોજનમાં __________ ગરમાગરમ ઉપમા જમી લે.

શું તે રમૂજી ન હતું? તમે ચોક્કસ અનુમાન કર્યું હશે કે રંગીન શબ્દો ખોટા છે. નીચે દર્શાવેલ ખાનાંમાંથી સાચો શબ્દ પસંદ કરી, ખોટા શબ્દની બાજુમાં (ખાલી જગા)માં લખો.

| | | | |
|---|---|---|---|
| દિવસો | ઊગે છે | સેકન્ડમાં | સવાર |
| નાસ્તામાં | ક્ષણ | મિનિટમાં | અઠવાડિયાની |

## તે કેટલો સમય લે છે?



તમે કોઈને સ્વેટર ગૂંથતાં કે કાપડ વણતાં જોયાં છે? કોઈ એક કુંભાર એક માટલું બનાવવા માટે કેટલો સમય લે છે તે જાણવાનો પ્રયત્ન કરો. વળી જો તમે સ્નાન કરવામાં કલાકો કે મિનિટો લેતા હો, તો જણાવો! (તમે છેલ્લું સ્નાન કર્યું તેને વર્ષો થયાં છે? હા...હા!)

એવી ઘણી જુદી-જુદી વસ્તુઓ વિશે વિચારો કે જેઓ જુદો-જુદો સમય લેતી હોય. તમારો કોઠો જેટલો લાંબો બનાવી શકાય તેટલો લાંબો બનાવો.


| મિનિટો લાગે છે | કલાકો લાગે છે | દિવસો લાગે છે |
|---|---|---|
| સ્નાન | શર્ટ સીવવામાં | સ્વેટર ગૂંથવામાં |
| દૂધ ઉકાળવું | દહીં જામવામાં | સાડી વણવામાં |
| | શાળાનો એક દિવસ | કેળાને પાકું થવામાં |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |



કેટલીક વધારે ઝડપી અને કેટલીક વધારે ધીમી એવી બીજી કેટલીક બાબતો વિશે વિચારો. તેની લાંબી યાદી તૈયાર કરો.

સેકન્ડ (લે છે) લાગે છે.

| આંખો પટપટાવવામાં | ચપટી વગાડવામાં | દવા ગળવામાં |
|---|---|---|



ઝાડ ઉપરથી ફળ પડવામાં

| મહિનાઓ લાગે છે |
|---|
| ઘઉં ઉગાડવામાં (બીજમાંથી છોડ સુધી) |
| ઉનાળાથી શિયાળો આવવામાં |
| |
| |





**તાળી પાડો તાળી પાડો – તમે ઝીલો તે પહેલાં**



**આ રમત રમો**

પથ્થરને હવામાં ઉછાળો. તમે તેને ઝીલો (કૅચ કરો) તે પહેલાં એક તાળી પાડો.

હવે તમે ઝીલો તે પહેલાં ૨ વખત તાળી પાડો. વધુ તાળીઓ પાડવાનો પ્રયત્ન કરો. તમે પથ્થરને ઝીલો તે પહેલાં તમે કેટલી વાર તાળી પાડી શકો?

**તા...થૈ... જુદા પ્રકારની તાળીઓ**


બે વખત તાળી પાડો અને ૧, ૨ બોલો.
તાળી પાડવાનું ચાલુ રાખો ૧ ૨, ૧ ૨, ૧ ૨....
અથવા બોલો તા થૈ, તા થૈ, તા થૈ....
વળી તમારા પગનાં ડગલાં ભરો લેફ્ટ રાઈટ, (ડાબો-જમણો)
લેફ્ટ રાઈટ, લેફ્ટ રાઈટ..... હવે ત્રણ તાલ સાથે તાળી પાડો ૧ ૨ ૩, ૧ ૨ ૩, ૧ ૨ ૩,....
કહો : તા થૈ તત્, તા થૈ તત્, તા થૈ તત્,....
તમે તમારા પગનાં ડગલાં લેફ્ટ રાઈટ, લેફ્ટ રાઈટ, લેફ્ટ રાઈટ... ભરી શકશો!
તમારામાંના કેટલા જણ એક સાથે બોલી શકે છે અને ડગલાં ભરી શકે છે?



**શોધી કાઢો :**

તમે લોકોને તબલાં વગાડતા અથવા ઢોલ વગાડતા સાંભળ્યા છે? તે વગાડે છે તેવા થોડા તાલ શોધી કાઢો. વળી પૂછો કે તે જે તાલ વગાડે છે તેને કયા 'બોલ' કહેવાય છે.


## આપણે કેટલી ઉંમરનાં છીએ?




### કોયડો

ઈરફાનની ઉંમર કરતાં તેની માતાની ઉંમર બમણી છે.

તેઓ તેના (ઈરફાન) કરતાં ૨૦ વર્ષ મોટા છે.
ઈરફાન અને તેની માતાની ઉંમર વિશે અનુમાન કરો.



## જન્મનું પ્રમાણપત્ર

સુધાના જન્મના પ્રમાણપત્ર તરફ નજર કરો (જુઓ).

ફોર્મ નં. ૫

ગુજરાત સરકાર

જન્મનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે આ માહિતી જન્મની અસલ યાદીમાંથી લેવામાં આવી છે કે જે યાદી બાલીસણા ગ્રામપંચાયતની વર્ષ ૨૦૦૨ની જન્મ નોંધપોથીમાં છે.

નામ : સુધા રમેશચંદ્ર ત્રિવેદી

જાતિ : સ્ત્રી

જન્મની તારીખ : ૦૨/૦૫/૨૦૦૨ બીજી મે બે હજાર બે

જન્મ સ્થળ : ક્રિષ્ણા હોસ્પિટલ

પિતાનું નામ : રમેશચંદ્ર ત્રિવેદી

માતાનું નામ : ભારતીબેન ત્રિવેદી

નોંધણી તારીખ : ૦૨/૦૫/૨૦૦૨

નોંધણી નંબર : ૮૧૫/૦૨

તારીખ : ૦૫/૦૮/૨૦૦૨

આપનાર અધિકારીની સહી



(૧) ૨-૫-૨૦૦૨ બતાવે છે કે, સુધા બીજી __________ ૨૦૦૨માં જન્મી હતી.

(૨) બીજી મે, ૨૦૦૮ના રોજ સુધાની ઉંમર કેટલી થશે? __________

(૩) ૨૦૫૨ના વર્ષમાં તે કેટલાં વર્ષની થશે? __________

(૪) કઈ તારીખે તે ૮ વર્ષની થશે? આંકડામાં લખો. __________

(૫) બીજી ઑગસ્ટ ૨૦૦૨માં સુધાની ઉંમર કેટલા મહિના થશે? __________

(૬) અત્યારે સુધાની ઉંમર કેટલી છે? __________

(૭) તેના જન્મના કેટલા મહિના પછી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

__________

(૮) પ્રમાણપત્રનો નોંધણી નંબર કયો છે? __________

**શોધી કાઢો**

તમે ક્યારે જન્મ્યા હતા? __________

તમારી જન્મ-તારીખ આંકડામાં લખો. __________

તમારી પાસે જન્મનું પ્રમાણપત્ર છે? તમારી માતા કે પિતાને પૂછો અને તમારા માટે તમારી જાતે એક (પ્રમાણપત્ર) તૈયાર કરો.

ફોર્મ નં. __________

__________ સરકાર

જન્મનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે આ માહિતી જન્મની અસલ યાદીમાંથી લેવામાં આવી છે કે જે યાદી ______________ની વર્ષ ______________ની જન્મ-નોંધમાં છે.

નામ :

જાતિ :

જન્મની તારીખ :

જન્મ-સ્થળ :

પિતાનું નામ :

માતાનું નામ :

નોંધણી તારીખ :

નોંધણી નંબર :

તારીખ : આપનાર અધિકારીની સહી

# ૨૦૧૮નું કૅલેન્ડર

## ૨૦૧૮નું કૅલેન્ડર

### જાન્યુઆરી

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | | |

### ફેબ્રુઆરી

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | | | |

### માર્ચ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |

### એપ્રિલ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | | | | | |

### મે

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | |

### જૂન

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |

### જુલાઈ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | | | | |

### ઑગસ્ટ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | |

### સપ્ટેમ્બર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |
| ૩૦ | | | | | | |

### ઑક્ટોબર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | | |

### નવેમ્બર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | |

### ડિસેમ્બર

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |
| ૩૦ | ૩૧ | | | | | |

## કૅલેન્ડર

ચાલો આપણે વર્ષ ૨૦૧૮ના કૅલેન્ડર તરફ જોઈએ.

* વર્ષના કેટલા મહિના છે? __________
* જે મહિનાના ૩૦ દિવસ છે તે મહિનાઓની યાદી કરો. __________

  ____________________
* જે મહિનાના ૩૧ દિવસ છે તે મહિનાઓની યાદી કરો. __________

  ____________________
* ફેબ્રુઆરી મહિનાના કેટલા દિવસ છે? __________
* અઠવાડિયું કેટલા દિવસનું બને છે? __________
* જુલાઈ મહિનામાં કેટલાં અઠવાડિયાં છે? ______ આ બધા મહિના માટે સાચું છે? __________
* તમે કયા મહિનામાં ત્રીજા ધોરણમાં આવ્યા? __________
* કૅલેન્ડરમાં નીચેની તારીખો ઉપર વર્તુળ કરો :

  ૨૬ જાન્યુઆરી

  ૧૪ નવેમ્બર

  ૩૧ ડિસેમ્બર



આ દિવસો કંઈક વિશિષ્ટ છે?

સાચા વર્ષથી નીચેની ખાલી જગા પૂરો :

૨૦૧૭ ૨૦૨૦ ૨૦૧૯ ૨૦૧૬ ૨૦૨૧ ૨૦૨૨

(૧) બે વર્ષ પહેલાં કયું વર્ષ હતું? __________

(૨) કયા વર્ષમાં તમે ધોરણ ૨ માં હતા? __________

(૩) પછીના વર્ષે કયું વર્ષ થશે? __________

(૪) ૩ વર્ષ પછી કયું વર્ષ થશે? __________

જુદી-જુદી સંસ્કૃતિના સંદર્ભમાં તેમના જીવનમાં વિતેલા સમય તરફ ધ્યાન આપવામાં આ પ્રકરણ બાળકોને પ્રોત્સાહિત કરે છે. સેકન્ડ, મિનિટ, મહિના વગેરેનો અંદાજ બાંધવાની આંતરસૂઝનો વિકાસ કરવા શક્તિમાન થાય તે વધારે અગત્યનું છે. રસપ્રદ મહાવરા મારફતે ઘડિયાળ, કૅલેન્ડરનો ઉપયોગ કરવામાં આ પ્રકરણ મદદ કરે છે. શિક્ષકે સંખ્યા-પૅટર્ન અને સપ્રમાણતા સાથે સંબંધિત આવા અનુભવો આપવા સ્વાધ્યાયની રચના કરવી જોઈએ.

## કયો તહેવાર પહેલા આવે છે?

નીચે આપેલ કેટલાક તહેવારો આપણે વર્ષ દરમિયાન ઊજવીએ છીએ. આ તહેવારો કયા વારે આવે છે તે શોધવા કૅલેન્ડર(૨૦૧૮) જુઓ.

| તહેવારનું નામ | તારીખ | વાર |
|---|---|---|
| દિવાળી | ૭ નવેમ્બર | |
| પોંગલ | ૧૪ જાન્યુઆરી | |
| રક્ષાબંધન | ૨૬ ઑગસ્ટ | |
| ગાંધીજયંતી | ૨ ઑક્ટોબર | |
| ઈદ-એ-મિલાદ | ૨૧ નવેમ્બર | |
| ઑણમ | ૨૫ ઑગસ્ટ | |
| ગુરુનાનક જયંતી | ૨૩ નવેમ્બર | |
| ગુરુ રવિદાસ જયંતી | ૩૧ જાન્યુઆરી | |
| નાતાલ | ૨૫ ડિસેમ્બર | |
| બિહુ | ૧૫ એપ્રિલ | |

- વર્ષમાં આવતા ઉપર દર્શાવેલ તહેવારોને ક્રમમાં ગોઠવો.

૧. ____________ ૬. ____________

૨. ____________ ૭. ____________

૩. ____________ ૮. ____________

૪. ____________ ૯. ____________

૫. ____________ ૧૦. ____________

- કયો તહેવાર વર્ષની શરૂઆતમાં આવે છે?

_________________________

- કયો તહેવાર વર્ષના અંતમાં આવે છે?

_________________________

## કેલેન્ડરનો જાદુ

અહીં ૨૦૧૯ના ફેબ્રુઆરી માસનું કેલેન્ડર છે.
કેલેન્ડર ઉપર ચોરસ નક્કી કરો અને કેટલુંક જાદુ જુઓ.

**ફેબ્રુઆરી - ૨૦૧૯**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | | |



ચોરસની મધ્યમાં કઈ સંખ્યા છે ? ______________

ત્રણ સંખ્યાઓને જોડતી રેખા દોરો. રેખા મધ્યમાં આવેલ સંખ્યામાંથી પસાર થવી જોઈએ. તમે આવી કેટલી રેખાઓ દોરી શકો છો?

| | | |
|---|---|---|
| ૫ | ૬ | ૭ |
| ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૯ | ૨૦ | ૨૧ |

દરેક રેખા પર આવેલ ત્રણ સંખ્યાઓનો સરવાળો કરો.
તમે શું અનુમાન કરો છો ?



૫ + ૧૩ + ૨૧ =

૭ + ૧૩ + ૨૦=

૧૯ + ૧૩ + ૭ =

૧૨ + ૧૩ + ૧૪ =

- હવે ૨૦૧૯ના કેલેન્ડર તરફ જુઓ. વળી ચાલુ માસ તરફ જુઓ. તમારી નોટબુકમાં તે પ્રમાણેનો ચોરસ દોરો. આ માટે જાદુ કામ કરે છે?
- ૧૦ × ૧૦ના સંખ્યા-ચાર્ટમાં આ જાદુ કામ કરે છે? સંખ્યાની ગમ્મત પ્રકરણમાં જાઓ અને ખાતરી કરો.

## વધારે જાદુ

**માર્ચ - ૨૦૧૯**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૩૧ | | | | | | |

















બીજી પાંચ સંખ્યાવાળી લાઈનને આ જાદુ લાગુ પડે છે કે કેમ તે જુઓ. ત્રાંસી લીટી પર રહેલી પાંચ સંખ્યાઓનું શું? આ યુક્તિનો ઉપયોગ તમારા કુટુંબના સભ્યો અને મિત્રો સાથે કરો.

કૅલેન્ડરમાં બીજી જાદુઈ પૅટર્ન તમે શોધી શકશો?

## કૅલેન્ડર પૂર્ણ કરો.

**ઑગસ્ટ - ૨૦૧૮**




બધા રવિવારને લાલ રંગથી રંગો.

આ મહિનો કયા દિવસે પૂરો થાય છે? _______________

આ મહિનાના દિવસોની સંખ્યા લખો. _______________

૧૩મી ઑગસ્ટે કયો વાર છે? _______________

બીજા શનિવારે કઈ તારીખ છે? _______________

૨૧મી તારીખે રવિવાર છે? _______________

૨૯મી તારીખે કયો વાર છે? બરાબર આ જ વારે બીજા અઠવાડિયામાં કઈ તારીખ હશે? _______________

આ મહિનામાં કેટલા ગુરુવાર છે? _______________

### શોધી કાઢો

૨૦૧૮ના કૅલેન્ડરમાં કયા મહિનામાં ૫ રવિવાર છે?

એક મહિનામાં કોઈ વાર પાંચ વખત આવતો હોય તેવો કોઈ મહિનો છે?

મહિનામાં ૬ રવિવાર આવતા હોય એવો કોઈ મહિનો હોય? શા માટે?

ચાલુ મહિનો અને વળી બીજો કોઈ મહિનો લઈ આવા પ્રશ્નો પૂછો. સમગ્ર કૅલેન્ડર મારફત વધારે પૅટર્ન શોધવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરો.

## પેડકીદેવીની સત્ય વાર્તા



### મારી સમય-રેખા

મારું નામ પેડકીદેવી છે. હું ઝારખંડના ધનબાદ જિલ્લાના એક ગામમાં રહું છું. મને શાળામાં જવાની તક કદી મળી નથી. મને યાદ છે કે, જ્યારે હું ૫ વર્ષની હતી ત્યારે મારો પગ ભાગ્યો. જાંબુના ફળ ખાવા માટે હું ઝાડ પર ચડી હતી. પરંતુ ડાળી ભાંગી (તૂટી) અને હું નીચે પડી. હજી પણ શિયાળામાં મારો પગ દુઃખે છે.

અમારાં બકરાં ચરાવતી વખતે અમે રમતમાં વધારે પ્રવૃત્ત રહેતાં. એક વખતે ૧૦ વર્ષની ઉંમરે મને ખૂબ ઠપકો મળ્યો. (કારણ કે) મારાથી એક બકરું ખોવાયું હતું. ૧૫ વર્ષની ઉંમરે મારાં લગ્ન થયાં. મારા પતિ મારા કરતાં ઘણા વધારે મોટા હતા. મારાં લગ્નના ત્રણ વર્ષ પછી મારી પ્રથમ પુત્રીનો જન્મ થયો. જ્યારે હું ૨૦, ૨૨ અને ૨૪ વર્ષની ઉંમરની હતી ત્યારે મારે ત્રણ બાળકો થયાં.

પછી સમય વધારે ઝડપથી પસાર થયો. હું મારા ખેતર, ઘરકામ અને મારાં પશુઓની સંભાળ પાછળ રોકાયેલી રહેતી. પરંતુ ૩૫ વર્ષની ઉંમરે મારી (આ) દુનિયાનો અંત આવ્યો. મારા પતિ માંદા પડ્યા અને મરી ગયા. તેમના ભાઈઓએ અમારા ખેતર પડાવી લેવાના પ્રયત્નો કર્યા. તેઓએ મને ખૂબ ખરાબ રીતે મારી અને કહ્યું કે, હું ડાકણ છું! કેટલાક સારા લોકોએ મને બચાવી. જે લોકોએ મને મારી હતી તેમની સામે અમે મુકદમો (કેસ) લડ્યા. ૪૦ વર્ષની ઉંમરે મેં પ્રથમ વખત પોલીસ-સ્ટેશન જોયું. (પોલીસ થાણું જોયું.) જ્યારે હું ૪૫ વર્ષની હતી ત્યારે હું લખતાં-વાંચતાં શીખી. ૨ વર્ષ પછી મેં મારી સૌથી મોટી દીકરીને પરણાવી. અત્યારે મારી ઉંમર ૫૦ વર્ષ છે. મારા પૌત્ર સાથે મને રમવાનું ગમે છે. તે શાળામાં અભ્યાસ કરે છે.

કેટલાક પ્રસંગો તેના જીવનમાં બન્યા તેની યાદી નીચે આપી છે. તેની જીવનરેખા પર નિશાની કરો. દાખલા તરીકે જ્યારે તે ૫ વર્ષ ઉંમરની હતી ત્યારે તેનો પગ ભાંગ્યો. સમયરેખાના ૫ આગળ અ લખ્યો છે.

(અ) તેનો પગ ભાંગ્યો.
(બ) એક બકરું ખોયું.
(ક) લગ્ન થયાં.
(ડ) તેને ચોથું બાળક હતું.
(ઈ) પ્રથમ વખત પોલીસ-સ્ટેશન જોયું.
(ફ) વાંચતાં અને લખતાં શીખી.
(ગ) સૌથી મોટી દીકરી પરણાવી.

અ

૫ ૧૦ ૨૦ ૩૦ ૪૦ ૫૦

ઉંમર વર્ષમાં




✻ તે ક્યારે જન્મી હતી તે સમય-રેખા પર બતાવો.
✻ ખાલી ખાનામાં નવી જન્મેલ બાળકી જેવી પેડકીનું ચિત્ર દોરો.
✻ તમારી જીવન(સમય)રેખા બનાવો. તમારી આજુબાજુના લોકોને પૂછો અને તમારા જીવનના દરેક વર્ષમાં બનેલી ઓછામાં ઓછી એક ઘટનાને દર્શાવો

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦

ઉંમર વર્ષમાં

✻ તમે જેમના વખાણ કરો છો તેવા લોકોની જીવનરેખા બનાવો. આ તમારા કુટુંબ, મિત્રો શિક્ષકો વગેરેમાંથી હોઈ શકે છે.


## કુસુમની જિંદગીનો એક દિવસ




ચાલો, કુસુમ દરરોજ શું કરે છે તે આપણે જોઈએ.

દરેક ચિત્ર માટે સમય નોંધો.


કેટલાંક ચિત્રો માટે સમય અગાઉથી લખેલો છે અને તમારે ફરજિયાત ઘડિયાળમાં કાંટા દોરવાના છે. બાકીનામાં તમારે ઘડિયાળ દ્વારા બતાવવામાં આવેલ સમય લખવાનો છે.





કુસુમ સવારમાં વહેલી ઊઠે છે.





સવારે સાડા છ (૬:૩૦) કલાકે

તે કૂવામાંથી પાણી લાવે છે.





તે પોતાનું ઘર સાફ કરે છે.





૮:૦૦ કલાકે

તે નિશાળે જાય છે.





તે શાળામાં અભ્યાસ કરે છે.





તે શાળામાંથી પરત ફરે છે.



બપોરે ૧:૦૦ કલાકે




તે બપોરનું ભોજન તેના ભાઈ અને દાદી સાથે લે છે.






તે તેના મિત્રો સાથે રમે છે.



સાંજે ૫:૩૦ (સાડા પાંચ) કલાકે



તે ઊંઘે તે પહેલાં તેની દાદી પાસેથી વાર્તા સાંભળે છે.





રાત્રે ૯:૦૦ (નવ) કલાકે


હવે તમારો રોજનો ક્રમ બતાવતો ચાર્ટ તૈયાર કરો.


દિવસનો સમય


**શબ્દોમાં** **ઘડિયાળમાં** **આ સમયે તમે શું કરો છો?**

















# ૮ વધુ ભારે કોણ?

## ગોળ અને મગફળી


શબનમને ગોળ અને મગફળી ખાવાનું ગમે છે.

એક દિવસ તેણે ૧ કિગ્રા ગોળ અને ૧ કિગ્રા મગફળી ખરીદી.

(તમે જાણો છો કે, કિલોગ્રામને કિગ્રા તરીકે દર્શાવાય છે.)




✻ મગફળી ખરેખર વજનમાં ગોળ કરતાં વધારે છે? અથવા તે માત્ર વધારે દેખાય છે?




(૧) ૧ કિગ્રા પોપકૉર્ન અથવા ૧ કિગ્રા ખાંડ?


(૨) ૧ કિગ્રા વટાણા અથવા ૧ કિગ્રા બટાટા?

બજારમાં જાઓ અને તમારું અનુમાન સાચું છે કે નહિ તેની ચકાસણી કરો.


## કોળું-ટામેટાંનો પંગો

આ એક મેદાન છે કે જ્યાં ટામેટાં દરરોજ રમવા માટે આવે છે. તેઓને ચીંચવા ઉપર રમવાનું ગમે છે. એક દિવસે એક મોટું કોળું આવે છે અને ચીંચવાના એક છેડે બેસે છે. જ્યારે તે લાંબા સમય સુધી ત્યાંથી ઊભું ન થયું ત્યારે ટામેટાંએ બીજી બાજુ બેસવાનું અને ચીંચવાને ઊંચો કરવાનું નક્કી કર્યું જેથી તે કોળું નીચે પડી જાય.

નાનાં ટામેટાંઓએ બીજા છેડા ઉપર ચડવાનું શરૂ કર્યું. ૧, ૨, ૩, ૪, ૫, .....,૨૫. કોળું હજુ પણ બેસી રહ્યું છે અને હસે છે. તેથી મોટાં ટામેટાંએ મદદ કરવાનું નક્કી કર્યું. નાનાં ટામેટાં નીચે ઊતરી ગયાં અને કદાવર ટામેટાં માટે રસ્તો કરી આપ્યો. ૧, ૨, ૩, ૪,....,૨૦....



યેહ! ચીંચવો હવામાં અધ્ધર થયો. તે (કોળું) બૂમ પાડે છે - મને નીચે ઉતારો, મહેરબાની કરીને મને નીચે ઉતારો.




'પંગો' એ તળપદી ભાષાનો શબ્દ છે જે સમસ્યા અથવા ઝઘડાનો અર્થ સૂચવે છે. આ શબ્દનો ઉપયોગ જાણીબૂઝીને કરવામાં આવ્યો છે. કારણ કે બાળકો તેનાથી મનોરંજન મેળવી શકે.